## સંક્ષિપ્ત સમાચાર

### સાવલી 135-વિધાનસભા મતવિસ્તારના કુલ ૪૪૯ દિવ્યાંગ મતદારો અને સિનિયર સિટીઝનોને પ્રી પોલ કરાવ્યુ



**સાવલી :** સાવલી ડેસર ના ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણી પંચના આદેશથી દિવ્યાંગ અને સિનિયર સિટીઝન ના ઘરે જઈને મતદાન કરાવી રહ્યું છે પ્રાંત ઓફિસર ચેતન સુથારના માર્ગદર્શન હેઠળ મતદાન મથક જેવું વાતાવરણ પૂરું પાડીને દિવ્યાંગ અને સિનિયર સિટીઝનોના ઘરે જઈને ચૂંટણી તંત્ર મતદાન કરાવી રહ્યું છે સાવલી ડેસર તાલુકા ના કુલ ૧૯ રૂટ પર વિવિધ ટીમો બનાવીને 20 જેટલી મતદાન સામગ્રી સાથે મતદાન કરાવી રહ્યું છે આ ટીમોમાં માઈક્રો ઓબ્ઝર્વર, પ્રીસાઇડિંગ ઓફિસર, પોલિંગ ઓફિસર, પોલીસ ઓફિસર, વિડીયોગ્રાફર સહિતની ટીમો 19 રૂટ ઉપર નિયત સમય મુજબ ફરીને મતદાન કરાવી રહી છે મતદાન કરાવવા માટે 20 જેટલી સામગ્રી સાથે કર્મચારીઓ સાવલી અને ડેસર તાલુકાના ગામોમાં વૃદ્ધો અને દિવ્યાંગોને ઘરે ઘરે જઈ આજે તારીખ ૨૫ એપ્રિલે મતદાન કરાવી રહી છે સાવલી વિધાનસભા મતવિસ્તારમાં ૮૫ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધો અને દિવ્યાંગોને તંત્ર દ્વારા ઘરે ઘરે ફરીને મતદાન કરાવાઇ રહ્યું છે,સાવલી વિધાનસભા મત વિસ્તારમાં કુલ ૪૪૯ વૃદ્ધો અને દિવ્યાંગોને ઘરે બેઠા મતદાન કરાવ્યું હતું તેમાં ૧૨૧ દિવ્યાંગો, અને ૩૨૮ વૃદ્ધોનો સમાવેશ થાય છે

### પાદરામાં લેબોજ લીલાગરી વડવાળી માતાજીના લીલુડા માંડવા નિમિત્તે શોભાયાત્રા યોજાઇ



**સાવલી :** પાદરામાં લેબોજ લીલાગરી વડવાળી માતાજી ના લીલુડા માંડવાના પ્રસંગે પાદરા લીલાગરી મંદિરે થી સંતો મહંતો નું સામૈયું સાથે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. પાદરા ના છીપાવડા વિસ્તાર માં આવેલ લીલાગરી માતાજી ના મંદિરે લીલુડો માંડવો નું આયોજન કરવામાં આવ્યું હતું લીલુડા માંડવા નું સામૈયું પાદરા ના પાણી ની ટાંકી પાસે આવેલ લીલાગરી માતાજી ના મંદિરેથી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી આવેલા સંતો મહંતો નું સમૈયું કરવામાં આવ્યું હતું જેમાં પાણી ની ટાંકી વિસ્તાર માં આવેલ લીલાગરી મંદિર ના લાલજીભાઈ ભુવાજી દ્વારા આવેલા સંતો મહંતો નું સાલ ઓઢાડી પુષ્પગુચ્છ થી સ્વાગત કરવામાં આવ્યું હતું જેમાં મંહત શ્રી ૧૦૮ સરસ્વતીદાસજી બાપુ (ડાકોર) તથા પ.પૂ.મહંત શ્રી ૧૦૦૮ મેઘમંડેલેશ્વર રામબાલકદાસજી બાપુ (દુધઈ) તથા પ.પૂ.શ્રી મહત ૧૦૦૮ જયરામગિરિ બાપુ વાળીનાથ, તરલ સહિત સંતો ઉપસ્થિત રહ્યા હતા જેઓ નું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

### સંખેડા તાલુકામાં ૮૦ વર્ષથી વધુ વય ધરાવતા અને વિકલાંગ મતદારોને મતદાન કરાવાયું




**સંખેડા :** સંખેડા તાલુકા ખાતે લોકસભા સામાન્ય ચૂંટણી 2024 ના વોટ માટે 80 વર્ષથી ઉપર તેમજ વિકલાંગ વ્યક્તિ ઓને ઘરે-ઘરે જઈ પ્રિસાઇડિંગ ઓફિસર તેમજ ચૂંટણી સ્ટાફ દ્વારા મતદાન કરાવ્યું હાલ સમગ્ર ગુજરાતમાં લોકસભા સામાન્ય ચૂંટણી 2024 ને લઇ સરકાર દ્વારા જે વ્યક્તિ અશક્ત હોય તેમ જ વિકલાંગ હોય અંધ હોય તેવા મતદાતાઓને બુથ સુધી ન પહોંચી શકતા હોય તેવા વ્યક્તિઓ માટે સરકાર દ્વારા પ્રિસાઇડિંગ ઓફિસર તેમજ ચૂંટણી સ્ટાફ દ્વારા તેમના ઘરે ઘરે જય વોટીંગ ની પ્રક્રિયા કરવામાં આવી જે સંખેડા તાલુકાની ચૂંટણી ટીમ દ્વારા ઊંડી. બહાદરપુર. માંજરોલ તેમજ કાળી તલાવડી. ના ગામોમાં ચૂંટણી પંચના અધિકારીઓ દ્વારા 80 થી ઉપર તેમજ અશક્ત વ્યક્તિ 10 જેટલા મતદારો ને સંખેડાથી આવેલ ટીમ દ્વારા વોટિંગ કરવામાં આવ્યું હતું.

### છોટાઉદેપુર જિલ્લાના વસેડી-૧ ખાતે મતદાન જાગૃતિ અર્થે 'ચૂનાવ પાઠશાળા' યોજાઈ

**છોટાઉદેપુર :** લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત છોટાઉદેપુર જિલ્લામાં આગામી તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ મતદાન થનાર છે, જેમાં નાગરિકો વધુમાં વધુ મતદાન કરીને લોકશાહીને વધુ મજબૂત બનાવવામાં સહભાગી બને તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેક્ટરશ્રી અનિલ ધામેલિયાના માર્ગદર્શન હેઠળ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી આર.બી. ચૌધરી તથા સ્વીપના નોડલ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આનંદકુમાર પરમાર દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. છોટાઉદેપુર જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ગુજરાત વિધાનસભા ચૂંટણી - ૨૦૨૨માં જિલ્લામાં સ્ત્રી - પુરૂષ મતદાન ટકાવારીમાં ૧૦ ટકાથી વધુ તફાવત હોય તેવા અને ૫૦ ટકાથી ઓછું મતદાન નોંધાયું હોય તેવા મતદાન મથકોની ઓળખ કરીને આ વિસ્તારોમાં મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત વસેડી-૧ મતદાન મથક ખાતે ચુનાવ પાઠશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

---

### વાસણા ખાતે ક્ષત્રિય સમાજના સંમેલનમાં ભાજપ વિરૂદ્ધ મતદાન કરવાના શપથ લેવાયા

# છોટાઉદેપુર જિલ્લામાં ક્ષત્રિયોનો રોષ ચરમસીમા પર

**ક્ષત્રિય** સમાજ દ્વારા બીજા તબક્કાના આંદોલનના ભાગરૂપે ભાજપ વિરૂદ્ધ મતદાન કરવાનો નિર્ણય લેવાતાં ભાજપમાં હડકંપ મચ્યો



(પ્રતિનિધિ) સંખેડા,તા,25

છોટાઉદેપુર જીલ્લાના ક્ષત્રિય સમાજના લોકોની વાસના ખાતે ગઈકાલે રાત્રે સંમેલન યોજાયું હતું જેમાં ભાજપ વિરૂદ્ધ મતદાન કરવા માટેના શપથ લેવામાં આવ્યા હતા. લોકસભાની ચૂંટણીના મતદાનને ગણતરીના દિવસો બાકી રહ્યા છે.અગાઉ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજની બહેન દીકરીઓ વિશે કરવામાં આવેલ નિવેદન બાબતે ક્ષત્રિય સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

જેને લઈને ક્ષત્રિય સમાજ દ્વારા ટિકિટ રદ કરવાની માંગણી કરતા આંડોન શરૂ કર્યું હતું, તેમ છતાં ભાજપ દ્વારા પુરુષોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરી ન હતી, જેને લઈને ક્ષત્રિયોમાં ભાજપ વિરૂદ્ધ રોષ ભભુકી ઉઠ્યો છે. અને હવે ભાજપ વિરૂદ્ધ મતદાન કરવાની નેમ લીધી છે. ક્ષત્રિય સમાજ દ્વારા બીજા તબક્કાના આંદોલનના ભાગરૂપે ભાજપ વિરૂદ્ધ મતદાન કરવાનો નિર્ણય લેવાતાં ગઈકાલે રાત્રે છોટા ઉદેપુર જીલ્લા ક્ષત્રિય સમાજ દ્વારા વાસણા ખાતે જલારામ મંદિર ખાતે સંમેલન યોજાયું હતું જેમાં મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના લોકો ભેગા થયા હતા.જેમાં હાજર રહેલ ક્ષત્રિય સમાજના લોકો દ્વારા આવનાર લોકસભા ચૂંટણીમાં ભાજપ વિરૂદ્ધ મતદાન કરવાના શપથ લેવામાં આવ્યા હતા.

ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપ વિરૂદ્ધ મતદાન કરવાના નિર્ણયને લઈને ભાજપમાં ભૂકંપ આવી ગયો છે. અને હવે ક્ષત્રિયોના મત ન મળવાના હોય ભાજપનુ ગણિત બગડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

### સાવલીમાં ભાજપ કાર્યાલયના ઉદઘાટન વખતે ૫ ક્ષત્રિયોની અટકાયત



સાવલી નગરમાં આજરોજ ભાજપનું મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું આ વેળાએ ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ કરવાની આશંકાએ સાવલી પોલીસે 5 ક્ષત્રિય યુવકોની અટકાયત કરી હતીP સાવલી નગરમાં આજરોજ લોકસભાની ચૂંટણી માટેનું કાર્યલય નું જિલ્લા ભાજપ પ્રમુખ સતીશ નિશાળિયા પ્રભારી ભરત સિંહ બાપુ અને ધારાસભ્ય કેતન ઇનામ દાર ની હાજરીમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું જેમાં ભાજપના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા હાલમાં ક્ષત્રિય સમાજ દ્વારા પુરુષોત્તમ રૂપાલા સામે નારાજગીના પગલે પોલીસ વિભાગ ભારે સતર્ક બન્યું હતું અને ભાજપ ના કાર્યાલય ના ઉદ્ઘાટન વેળાએ દેખાવો કે વિરોધ થવાની દહેશત ના પગલે પાચ જેટલા ક્ષત્રીય યુવકોની અટકાયત કરીને સાવલી પોલીસ મથકે લવાયા હતા તેના પગલે સમગ્ર તાલુકાના ક્ષત્રિયો માં ભારે રોષ ફેલાયો હતો પોલીસે અટકાયત કરી હતી.

---

### ક્ષત્રિયો વિરુદ્ધ પોલીસ સામે વકીલો અડગ

## સાવલીમાં રૂપાલા આંદોલન અંતર્ગત મફત કેસ લડવા વકીલોની જાહેરાત

(પ્રતિનિધિ) સાવલી,તા,25

સાવલી તાલુકામાં હાલ પુરુષોત્તમ રૂપાલા વિવાદ સંદર્ભમાં અને ચાલતા આંદોલન મુદ્દે ક્ષત્રિય સમાજ તેમજ અન્ય જ્ઞાતિના યુવકો જોડાય ત્યારે તેઓ પર પ્રશાસન દ્વારા કે પોલીસ દ્વારા કોઈપણ કાર્યવાહી કરવામાં આવે તો નિશુલ્ક કેસ લડવાની 5 ક્ષત્રીય વકીલો એ જાહેરાત કરતા ભારે ચર્ચાનો વિષય બન્યો છે આમ રાજ્યમાં પ્રથમ બનાવ નોંધાવા પામ્યો છે.

હાલમાં સમગ્ર રાજ્યમાં ક્ષત્રિય સમાજ દ્વારા પુરુષોત્તમ રૂપાલા ના વિરોધમાં વિવિધ કાર્યક્રમો ચાલી રહ્યા છે અને ક્ષત્રિય સમાજ દ્વારા સત્તાધારી પક્ષ ભાજપનો પણ વિરોધ કરવામાં આવી રહ્યો છે તેના પગલે વિવિધ કાર્યક્રમો ક્ષત્રિય સમાજ દ્વારા આપવામાં આવી રહ્યા છે અને પોલીસ વિભાગ દ્વારા ધરપકડ સહિતની કાર્યવાહી કરવામાં આવી રહી છે તેવામાં સાવલી તાલુકા ના ક્ષત્રિય વકીલો દ્વારા આ આંદોલન બાબતે ક્ષત્રિય અને તેમના સમર્થનમાં આવતા કોઈપણ જ્ઞાતિના યુવકની ધરપકડ અટકાયત જેવી કાર્યવાહી બાબતે મફતમાં કેસ લડવાની જાહેરાત કરવામાં આવી છે આ રીતની જાહેરાત રાજ્યમાં પ્રથમવાર ક્ષત્રિય સમાજના વકીલો દ્વારા કરીને પહેલ કરવામાં આવી છે તેના પગલે તાલુકામાં ભારે ચર્ચા જાગી છે તાલુકાના ગુણવંત સિંહ પરમાર,કિરીટસિંહ ચૌહાણ ,દેવરાજ સિંહ ચૌહાણ,ભૂપેન્દ્ર સિંહ ચૌહાણ અને યોગેશ પરમાર સંજય સિંહ પરમાર નામના વકીલોએ મફત કેસ લડવાની જાહેરાત કરી છે અને આ બાબતની જાણકારી કરતી વિગતો સોશિયલ મીડિયા પર વકીલો ના નંબર સાથે વાયરલ કરવામાં આવી છે.

### નિમેટામા લોખંડના થાંભલા પર ચઢેલા શખ્સનુ પટકાતા મોત

(પ્રતિનિધિ) વાઘોડિયા,તા,25

વાઘોડિયા તાલુકાના નિમેટાગામ પાસે આવેલ કાચબનાવવાળા ગોડાઊનમા અતુલકુમાર રાજેશભાઇ હરીજન ઉ.વ.૨૧ હાલ રહે. ગણેશનગર ઝુપડ પટ્ટી ડભોઇ રોડ સોમાતલાવ વડોદરાનાઓ વાઘોડિયા તાલુકાના નીમેટા ગામ નજીક આવેલા મિતેશભાઇ બીપીનચંન્દ્ર દલાલ નાઓના લેબોરટીમાં ઉપીયોગ થતા કાચ બનાવવાળા ગોડાઉનમા ફેબ્રીકેશનનુ કામકાજ ચાલતુ હતુ.આ કામ દરમ્યાન લોખંડના થાબલા ઉપર ચડી લોખંડના થાબલાની ઉચાઇ વધારવાનુ ફેબ્રિકેશનનુ કામ કરતા અતુલનુ અચાનક બેલેન્સ બગડતા લોખંડના થાભલા ઉપરથી નીચે પટકાયો હતો. જેના કારણે અતુલને માથાની પાછળ ગંભીર ઈજાઓ થતા તેને સારવાર માટે હોસ્પીટલ ખસેડાયો હતો, જોકે સારવાર દરમ્યાન અતુલ મરણ પામ્યો હતો.

### આરોપીના રિમાન્ડ પુરા થતા વધુ કાર્યવાહી હાથ ધરાઇ

## વાઘોડિયા આનંદ નગરીમા ગૌમાંસ વેચાણમા સંડોવાયેલા ત્રીજા આરોપીને જેલમાં ધકેલ્યો

(પ્રતિનિધિ) વાઘોડિયા,તા,25

વાઘોડિયા ટાઉનમા એસટી ડેપો પાછળ આનંદ નગરીમાં ગેરકાયદેસર કતલખાના ચલાવતા બે આરોપીની અટકાયત કરી પશુ સંરક્ષણ અને પશુ પ્રત્યે ઘાતકીપણા એક્ટ હેઠળ ગુન્હો નોંધી તેમના મકાનમાંથી મડે આવેલ માંસ એફએસએલમા મોકલતા ગૌંમાંસ પુરવાર કોર્ટે આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ આપ્યા હતા. જે આજ રોજ પુરા થતા જયુડિશીયલ કસ્ટડીમા મોકલી દેવાયા હતા. વાઘોડિયા પોલીસે આરોપી અલ્તાફ અને નિયાઝ કુરેશી બંન્ને ભાઈ રહે. આનંદ નગરી, વાઘોડિયાનાઓને ગૌવંશ હેરાફેરી કરી આપનાર ત્રીજા આરોપી મહંમદ આશીફ



ઈકબાલ મન્સુરીની તેના ઘરેથી ધરપકડ કરી લિધી છે. ગામડામાંથી છોટાહાથીમા ગૌવંશ ભરી લાવનાર આરોપી ઈકબાલના છોટાહાથી ટેમ્પાને મુદ્દામાલ તરીકે જપ્ત કરી લીધો છે ઉપરાંત ધરપકડ કરેલા ત્રણેવ આરોપીઓને આજે સાંજે જયુડિશીયલ કસ્ટડીમા ધકેલી દેવાયા છે.વાઘોડિયા એસટી ડેપો પાછળ આવેલ આનંદ નગરીમાં પોલીસે રેડ કરી 56 kg માસના જથ્થા સહિત આશરે 22,110નો મુદ્દામાલ રેડ દરમ્યાન ચારપાંચ દિવસ અગાઊ જપ્ત કર્યો હતો. પશુ સંરક્ષણ અને પશુ પ્રત્યે ક્રૂરતા એક્ટ અંતર્ગત ત્રણેવ આરોપી પર ગુન્હો નોંધાયો છે.અને હાલ તેવોને જયુડિશીઅલ કસ્ટડીમા મોકલી દેવાયા છે.

---

### ડભોઈમાં કોર્ટ ટીકિટની માનવસર્જિત અછત : પ્રજા પરેશાન

(પ્રતિનિધિ) ડભોઇ,તા,25

ડભોઇ માં મોટા સ્ટેમ્પ હોલ્ડરો પાસે ટિકિટો જ નથી અને જેમની પાસે છે એ ૧ની ૧૦૦ ટિકિટ મુળ કિંમત કરતાં વધુ કિંમત લઈ વેચી રહયા છે જેને લઈ ને સેવા સદન માં સામાન્ય અરજી હોય કે બીજું કંઈ કોર્ટ ટીકીટ મારવી ફરજિયાત હોય ટીકીટ વાંચ્છુ ઓ ટીકીટ માટે વલખાં મારી રહયા છે જાણવા મળ્યાં મુજબ ૩ ની ટીકીટ ૧૦માં વેચાણ કરવામાં આવી રહયું છે ડભોઇ માં કોર્ટ ટીકીટ ની માનવ સર્જિત અછત જોવા મળે છે સ્ટેમ્પ હોલ્ડરો કહે છે કે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા માં ચલણ ભરવા લાઈન માં ઉભા રહેવું પડે છે એટલે સમય આમારો વેડફાય છે ત્યારે એની સજા લોકો ને આપવાની ? ડભોઇ માં કોર્ટ ટીકીટ સહેલાઈથી મળી રહે એ સરકારી અધિકારીઓ ઓ માટે એક પડકાર બનવા પામ્યો છે.

### પરસોત્તમ રૂપાલાનો વિરોધ વંટોળ તેજ બન્યો

## કડાણાના મારૂવાડા ગામમાં ભાજપના નેતાઓને પ્રવેશબંધીના બેનરો લાગ્યા

(પ્રતિનિધિ) સંતરામપુર,તા,25

મહિસાગર જિલ્લાના મારૂવાડા ગામમાં પરસોત્તમ રૂપાલા ને લઈ ભાજપ વિરૂદ્ધ ગામમાં બેનરો જાહેરમાં ઠેર-ઠેર લાગ્યા છે.જેમાં સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના મારૂવાડા ગામમાં રહેતા શત્રિય સમાજ માં પરસોત્તમ રૂપાલા ને લઈ પરસોત્તમ રૂપાલા વિરૂદ્ધ તથા ભાજપ પ્રત્યે ભારે રોષ ઠેર-ઠેર જોવા મળી રહ્યો છે. જેમાં વધું માં જાણકારી મળતી માહિતી અનુસાર મહિસાગર જિલ્લાના મારૂવાડા ગામે રહેતા શત્રિય સમાજ દ્વારા 24/04/2024 ના રોજ જાહેરમાં પરસોત્તમ રૂપાલા વિરૂદ્ધ તથા ભાજપ વિરૂદ્ધ વિરોધ કરી બેનરો જાહેરમાં લગાવામાં આવ્યા છે.જેમાં તેઓએ બેનરમાં લખી જણાવ્યું છે કે ભાજપના કોઈપણ કાર્યકરો કે આગેવાનો એ આ મારૂવાડા ગામમાં પ્રવેશ કરવો નહીં. જેમાં જ્યાં સુધી આ પરસોત્તમ રૂપાલાની ટીકીટ રદ ના થાય ત્યાં સુધી આવવું નહીં તેમ જણાવેલ છે.જેમાં સમસ્ત મારૂવાડા ગામજનો એ ટેકો જાહેર કરેલ છે.

આમ રૂપાલ વિરૂદ્ધ ને ભાજપ વિરૂદ્ધ નું ક્ષત્રિય સમાજ નું આંદોલન મહીસાગર જિલ્લાના વિવિધ તાલુકાના ગામો માં પ્રસરેલ છે. જેનીઅસર આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપને થાય તેવાં અણસાર વર્તાઈ રહેલ જોવાં મળે છે.

મારુવાડા ગામે ભાજપના કોઈ કાર્યકર કે આગેવાને ગામમાં પ્રવેશ કરવો નહીં તેવાં બેનરો લાગેલ જોવા મળે છે.

### શિનોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા વિશ્વ મેલેરિયા દિવસ નિમિત્તે રેલી યોજી મેલેરિયા અંગે લોકોને જાગૃત કરાયા




શિનોર : તા. ૨૫ એપ્રિલ વિશ્વ મેલેરિયા દિવસ તરીકે ઉજવાય છે.ત્યારે વડોદરા જિલ્લાના શિનોર ગામમાં શિનોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડોક્ટર જીગ્નેશ વસાવા ની ઉપસ્થિતિમાં મેલેરિયા જનજાગૃતિ માટે એક રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં શિનોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સ્ટાફ તેમજ આશા વર્કર બહેનો.ગ્રામજનો જોડાયા હતા.

---

### કોલેજ એમ્બેસેડર દ્વારા મતદાન જાગૃતિ સંદેશો પાઠવાયો

## છોટાઉદેપુર જિલ્લામાં સોશિયલ મીડિયાના માધ્યમથી મતદાન જાગૃતિ હાથ ધરાઈ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર,તા,25

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત છોટાઉદેપુર સંસદીય મત વિભાગ માટે તારીખ ૦૭/૦૫/૨૦૨૪ ના રોજ મતદાન થનાર છે, જેને ધ્યાને લઈ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટેની જરૂરી તૈયારીઓ કરવામાં આવી રહી છે. જે અંતર્ગત જનરલ ઓબ્ઝર્વર ડૉ. સતીષ કુમાર એસ. અને જિલ્લા ચૂંટણી અધિકારી અનિલ ધામેલિયાની ઉપસ્થિતિમાં ૨૧-છોટાઉદેપુર સંસદીય મતવિભાગના મદદનીશ ચૂંટણી અધિકારીઓની બેઠક મળી હતી. આ બેઠકમાં જનરલ ઓબ્ઝર્વર જિલ્લા ચૂંટણી અધિકારીએ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને મતદાન મથક, ઈ.વી.એમ, સ્ટ્રોંગરૂમ, રીસીવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટર સહિતની ચૂંટણીલક્ષી બાબતો અંગે જરૂરી સૂચનો કરીને માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી સચિન કુમાર, જિલ્લા પોલીસ અધિક્ષકઆઈ.જી. શેખ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી આર.બી. ચૌધરી, છોટાઉદેપુર સંસદીય મતવિસ્તારમાં આવતા તમામ વિધાનસભા મતવિસ્તારના મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પાવીજેતપુરની કોલેજમાં યુટ્યુબના માધ્યમથી મતદાન જાગૃતિ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર,તા,25

જિલ્લા ચૂંટણી અધિકારી અનિલ ધામેલિયાના માર્ગદર્શન હેઠળ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી આર.બી.ચૌધરી તથા સ્વીપના નોડલશ્રી આનંદકુમાર પરમાર દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જિલ્લાના વધુમાં વધુ લોકોને મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત આવરી લેવાય તે માટે સોશિયલ મીડિયાના માધ્યમથી મતદાન જાગૃતિ હાથ ધરવામાં આવી છે.

## છોટાઉદેપુરમાં ચૂંટણી ખર્ચ બાબતે ખર્ચ નિરીક્ષક સુમિત ગજભીયેને મળી શકાશે

**ચૂંટણી** ખર્ચ અંગે લાગતા વળગતા પ્રશ્નોના જવાબ માટે ટોલ ફ્રી નંબર પણ જાહેર કરાયો છે

(પ્રતિનિધિ) છોટાઉદેપુર,તા,25

લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪ અંતર્ગત ભારતના ચૂંટણી પંચ દ્વારા ૨૧-છોટાઉદેપુર લોકસભા મતદાર વિભાગ માટે ખર્ચ નિરીક્ષકશ્રી સુમિત ગજભીયેની નિમણૂક કરવામાં આવી છે. લોકસભા સામાન્ય ચુંટણી અનુસંધાને જાહેર જનતાને ચૂંટણી ખર્ચ સંદર્ભે કોઈપણ સમસ્યા હોય તો તેઓ ખર્ચ નિરીક્ષકશ્રી સુમિત ગજભીયેને સવારના ૧૦-૦૦ થી ૧૧-૦૦ કલાક દરમિયાન સર્કીટ હાઉસ, ઓબ્ઝર્વર કંટ્રોલરૂમ, છોટાઉદેપુર ખાતે મળી શકશે. આ ઉપરાંત મતદાતાઓ ખર્ચ નિરીક્ષકના વ્યકિતગત મોબાઈલ નંબર - ૮૧૬૦૪ ૭૦૬૧૨ અથવા મતદાતા ફરિયાદ નિવારણ ટેલીફોન નંબર જાહેર કરવામાં આવ્યો છે